બંને સૂરિઓની પ્રેરણાથી શત્રુંજયગિરિ પર ટૂંકો અને જિનાલયો રચાયાં અને અંજનશલાકાઓ થઈ. શેઠ શ્રી નરશી નાથાએ અને શ્રી કેશવજી નાયકે તેઓશ્રીની નિશ્રામાં, પ્રેરણાથી સારું એવું ધન વાપર્યું. **૨૭. શ્રી વિવેકસાગરસૂરિ** અને **૨૮. શ્રી જિનેન્દ્રસાગરસૂરિ. ૨૯. શ્રી ગૌતમસાગરસૂરિ** : મારવાડના પાલીનગરના ધીરમલ શ્રીમાલી બ્રાહ્મણના સુપુત્ર ગુલાબમલ પાંચ વરસની લઘુવયમાં યતિ દેવસાગરજી સાથે કચ્છ આવ્યા; અને યતિદીક્ષા લીધી. સં. ૧૯૪૯માં ક્રિયોદ્ધારપૂર્વક સંવેગી દીક્ષા લીધી. નામ 'ગૌતમસાગરજી' રહ્યું. અચલગચ્છનો વિદ્યમાન ત્યાગી સમુદાય તેમને આભારી છે. તેમણે શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી દીધી! ત્યાગમાર્ગના પ્રચારમાં તેમને ઘણાં કષ્ટો આવ્યાં, પણ સિંહની જેમ સફળ થયા. ગચ્છના અનેક ગ્રંથોનો ઉદ્ધાર કર્યો, અને પ્રકાશિત કરાવ્યા. ભુજ, માંડવી અને જામનગરમાં મોટા જ્ઞાનભંડારો સ્થાપ્યા. તેમના વરદ હસ્તે સોએક દીક્ષાઓ થઈ. તેઓ અપ્રમાદી અને મહાત્યાગી યોગીશ્વર હતા. 'કચ્છ–હાલાર દેશોદ્ધારક' એ સાર્થક બિરુદના ધારક હતા. તેમના પ્રખર શિષ્ય પરમ વિનયી પૂ. નીતિસાગરજી ગણિ હતા. તેમના બે પટ્ટધરો–દાનસાગરસૂરિ અને ગુણસાગરસૂરિ થયા. શ્રી દાનસાગરસૂરિ અને તેમના શિષ્ય શ્રી નેમસાગરસૂરિ પણ ગચ્છના શણગારરૂપ થઈ ગયા. પૂ. આ. શ્રી દાનસાગરસૂરિએ સં. ૧૯૬૬માં દીક્ષા અંગીકાર કરી. તેઓએ આગમોનાં યોગોદ્વહન કર્યાં હતાં. સં. ૨૦૧૨માં તેમને આચાર્યપદવીથી અલંકૃત કરવામાં આવ્યા હતા. સં. ૨૦૧૭ માં તેઓ મુંબઈમાં કાળધર્મ પામ્યા. તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી નેમસાગરજીને સં. ૨૦૧૨માં કચ્છ–સુથરીમાં આચાર્યપદવી અપાઈ. તેઓશ્રીની પ્રેરણાથી 'અચલગચ્છ દિગ્દર્શન ઇતિહાસ' ગ્રંથ પ્રકાશિત થયો. (સંકલન : પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરિજી મહારાજ).

### ભારતભરમાં ગચ્છ અને જૈનશાસનની પ્રભાવનાને વ્યાપક રૂપે પ્રવર્તાવનારા એકવીસમી સદીના અજોડ શાસન પ્રભાવક, સૂરિસમ્રાટ–અચલગચ્છાધિપતિ

## પૂ. આચાર્યપ્રવર શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ

છેલ્લા દાયકામાં પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજનું નામ એમની અનેકવિધ શાસનપ્રવૃત્તિઓથી જૈનસમાજમાં સુપ્રસિદ્ધ બની ગયું હતું, વળી, પોતે દીક્ષા ન લે ત્યાં સુધી રોજ એકાસણાં કરવાની પ્રતિજ્ઞા લેનાર અને દીક્ષા લીધા પછી પણ જીવનના અંત સુધી, એમ પાંચ દાયકાથી પણ વધુ સમય સળંગ એકાસણાં કરનાર અને રોજ સવારે ઊઠીને ૧૦૮ વાર ખમાસમણાં દેનાર ઉગ્ર તપસ્વી અને વિહાર કરવાની બાબતમાં પણ ઉગ્ર વિહારી તરીકે સુપ્રસિદ્ધ એવા શ્રી ગુણસાગરસૂરિજી મહારાજે અચલગચ્છનું નામ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતભરમાં ગુંજતું કરી દીધું હતું.

પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજનો જન્મ સં. ૧૯૬૯ના મહા સુદ ૨ ને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શુક્રવારે કચ્છમાં દેઢિયા ગામે થયો હતો. એમના પિતાશ્રીનું નામ ક.વી.ઓ. જ્ઞાતિના લાલજી દેવશી છેડા અને માતુશ્રીનું નામ ધનબાઈ હતું. તેમનું પોતાનું સંસારીનામ ગાંગજી હતું. પિતા લાલજીભાઈએ વ્યવસાયાર્થે મુંબઈ આવી શિવરીમાં દુકાન કરી હતી. ૧૨ વર્ષના ગાંગજીભાઈ પિતાશ્રી સાથે દુકાનમાં જોડાતાં તેઓ શાળામાં વ્યાવહારિક શિક્ષણ ચાર ધોરણ સુધીનું જ લઈ શક્યા. તેર વર્ષની ઉંમરે ગાંગજીભાઈને શીતળાનો રોગ થયો અને એવી ગંભીર સ્થિતિમાં મુકાયા હતા કે પિતાશ્રીએ માનેલું કે તેઓ અવસાન પામ્યા છે. એટલે સ્મશાને લઈ જવાની તૈયારી કરવા માંડેલી, ત્યાં શરીરમાં હલનચલન થઈ અને છ મહિનાની ગંભીર માંદગી પછી ગાંગજીભાઈ સ્વસ્થ થવા માંડ્યા. એ ઘટના પછી પોતાનાં માતુશ્રીને પ્રતિક્રમણ વગેરે વિધિ પુસ્તક વાંચીને કરાવતાં કરાવતાં અને માતુશ્રીની સાથે તપશ્ચર્યા કરતાં કરતાં કિશોર વયના ગાંગજીભાઈને તપ–ત્યાગ–વૈરાગ્યનો રંગ લાગ્યો. અને આગળ જતાં એ એટલો દૃઢ બન્યો કે એક વખત માતુશ્રી રસોઈ કરતાં હતાં ત્યારે ધગધગતું તેલ ગાંગજીભાઈના શરીર પર પડ્યું, તો પણ પોતાની તપશ્ચર્યા તોડી નહીં અને દવા લીધી નહીં. યુવાન વય થતાં તેમણે કચ્છનાં તીર્થોની યાત્રા કરી અને ત્યાર પછી સમેતશિખર અને તેની આસપાસનાં તીર્થોની યાત્રા કરી. તેઓ ધાર્મિક ઉત્સવોમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યા અને મુંબઈમાં કચ્છી મહાજન-વાડીમાં સામાયિક–પૌષધ વગેરે પણ નિયમિતપણે કરવા લાગ્યા.

એવામાં તેઓ જામનગરમાં તે સમયના અચલગચ્છાધિપતિ પૂ. શ્રી ગૌતમસાગરસૂરિ અને તેમના શિષ્ય પૂ. ગણિવર્ય શ્રી નીતિસાગરજી મહારાજના સંપર્કમાં આવ્યા. દીક્ષા લેવાની પોતાની ભાવના વ્યક્ત કરી અને તે પ્રમાણે સં. ૧૯૯૩માં તેમણે પોતાના ગામ દેઢિયા (કચ્છ)માં ચૈત્ર વદ ૮ને દિવસે દીક્ષા ગ્રહણ કરી પૂ. શ્રી નીતિસાગરજી મહારાજના શિષ્યરૂપે મુનિશ્રી ગુણસાગરજી નામ ધારણ કર્યું. કચ્છ–માંડવીમાં, જામનગરમાં, ભૂજમાં, કચ્છ–ગોધરામાં, મોટા આસંબિયામાં એમ એક પછી એક એમનાં ચાતુર્માસ થતાં રહ્યાં. એમની અસાધારણ તેજસ્વિતા પારખીને ગુરુમહારાજે પંડિતો રાખીને એમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો ઊંડો અભ્યાસ કરાવ્યો. સમય જતાં એમને ઉપાધ્યાયની પદવી આપવામાં આવી અને સં. ૨૦૦૩માં પૂ. આ. શ્રી ગૌતમસાગરસૂરિજીએ તેમને ગચ્છની જવાબદારી પણ સોંપી. સં. ૨૦૧૨માં મુંબઈમાં તેમને શ્રીસંઘ તરફથી આચાર્યપદવી આપવામાં આવી અને તેઓ સં. ૨૦૩૦માં ભદ્રેશ્વરતીર્થમાં અચલગચ્છાધિપતિ પૂ. આચાર્યશ્રી ગુણસાગરસૂરિજી મહારાજ થયા. ગચ્છાધિપતિ આચાર્યભગવંતે ત્યાર પછી કચ્છ, રાજસ્થાન, બૃહદ્ મુંબઈમાં અનેક સ્થળે વિહાર કરી અનેક શ્રેષ્ઠીઓને પ્રતિબોધ આપીને અનેક મહત્ત્વનાં ધર્મકાર્યો કરાવ્યાં. તેમણે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની સ્થાપના કચ્છ–મેરાઉમાં કરાવી. ભુજપુરથી ભદ્રેશ્વર તીર્થનો સંઘ કાઢ્યો. મેરાઉમાં શ્રાવિકા–વિદ્યાપીઠની સ્થાપના કરાવી. કચ્છની શત્રુંજયની તીર્થયાત્રાનો છ'રીપાલિત સંઘ કઢાવ્યો. ઉપરાંત જિનમંદિરો, ઉપાશ્રયો, જ્ઞાનમંદિરો, ધર્મશાળાઓ, ગ્રંથાલયો, અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ, જીર્ણોદ્ધાર, દીક્ષા–પદવીપ્રદાનો વગેરે વિવિધ પ્રકારનાં ઘણાં કાર્યો વર્ષોવર્ષ મહોત્સવ-પૂર્વક કરાવ્યાં. પોતાનાં માતુશ્રીને દીક્ષા આપી સાધ્વી ધર્મશ્રીજી નામ આપ્યું. છેલ્લા દાયકામાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એમણે મુંબઈથી સમેતશિખરજીનો સંઘ અને સમેતશિખરથી શત્રુંજયનો છ'રીપાલિત સંઘ કઢાવ્યો એ એમની વિરલ સિદ્ધિ લેખાય. એમણે સમેતશિખરમાં ૨૦ જિનાલયનું નિર્માણ ધર્મશાળા સહિત કરાવ્યું અને કચ્છમાં ૭૨ જિનાલયનાં નિર્માણનું કાર્ય ઉપાશ્રયો, ધર્મશાળા વગેરે સહિત ચાલુ કરાવ્યું.

જૈન–એકતા માટે તેઓશ્રીએ પ્રશંસનીય પ્રવૃત્તિઓ અને પ્રચાર કર્યાં. એમની પ્રેરણાથી વિવિધ પ્રકારનાં અધિવેશનો અને સંમેલનો યોજાયાં હતાં. એમને જુદે જુદે સમયે વિવિધ પદવીથી સંઘ અને સમાજે અલંકૃત કર્યા. તેઓશ્રીની નિશ્રાનાં બે અધિવેશનોમાં ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘ પધાર્યા હતા. ૭૨ જિનાલય તીર્થની ભૂમિ ઉપર સં. ૨૦૪૩માં અક્ષયતૃતીયાના દિવસે રાષ્ટ્રપતિએ તેમને સાતમા વરસીતપનું પારણું કરાવવા ઈક્ષુરસ વહોરાવ્યો. એમની પ્રેરણા અને સદુપદેશથી જુદે જુદે સ્થળે અને જુદે જુદે સમયે કેટલાક યુવકોએ અને યુવતીઓએ દીક્ષા લીધી. એ રીતે એમના હસ્તે ૧૧૫થી વધુ સાધ્વીઓએ દીક્ષા લીધી, અને પચાસેક સાધુઓએ દીક્ષા લીધી, જેમાં એમના શિષ્યો પૂ. ગુણોદયસાગરજી અને પૂ. કલાપ્રભસાગરજીને આચાર્યપદવી અપાઈ છે. આમ, એમના પ્રભાવક ચરિત્રથી અચલગચ્છનો સાધુ–સાધ્વીજીનો વિશાળ સમુદાય ઊભો થયો છે.

પૂ. આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજે જૈનશાસનનાં જે વિવિધ કાર્યો કર્યાં તેમાં તેમણે સાહિત્યક્ષેત્રે કરેલા સમૃદ્ધ પ્રદાનનું પણ વિસ્મરણ ન થવું જોઈએ. તેઓશ્રી શ્રુતસાહિત્યના અભ્યાસી હતા, સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષાના પ્રખર પંડિત હતા, કવિ પણ હતા. ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં તેમણે ઘણી રચનાઓ કરી છે. તેઓશ્રીએ આર્યરક્ષિતસૂરિ, કલ્યાણસાગરસૂરિ અને ગૌતમસાગરસૂરિનાં ચરિત્રો સંસ્કૃત ભાષામાં રચેલાં છે. ઉપરાંત, સમરાદિત્ય ચરિત્ર (લઘુ-ગદ્ય), ત્રિષષ્ટિ સારોદ્ધાર તેમ જ પર્વકથાસંગ્રહ, શ્રીપાલચરિત્ર, પાર્શ્વનાથચરિત્ર વગેરે ગ્રંથો રચ્યા છે. તેમણે અનેક સ્તવનો, મોટી પૂજાઓ, ચોઢાળિયાં, સ્તુતિઓ, દુહાઓ, પ્રાર્થનાઓ વગેરેની પણ રચના કરી છે. એક લાખથી વધુ શ્લોકપ્રમાણ જેટલું સાહિત્ય સંસ્કૃત અને ગુજરાતીમાં, ગદ્યમાં અને પદ્યમાં, એમના હાથે રચાયું છે, જે તેઓશ્રીની મહાન સિદ્ધિ છે. એમનાં કેટલાંયે સ્તવનો રોજની ધાર્મિક વિધિમાં અનેક ભાવિકોને મુખે ગવાતાં સંભળાય છે. પૂ. આ. શ્રી ગુણસાગરસૂરિજી મહારાજ અત્યંત સરળ હૃદયના અને વત્સલ સ્વભાવના હતા. પોતાના શિષ્યોને પિતાતુલ્ય રહીને સંભાળતા, તેઓની દરેક રીતે પ્રગતિ થાય તેની સતત કાળજી રાખતા. વિક્રમની એકવીસમી સદીનો ઇતિહાસ લખાશે ત્યારે અર્ધશતાબ્દીથી વધુ દીક્ષાપર્યાયનાં વર્ષોમાં જૈનશાસનની અનેકવિધ સેવા બજાવી જનાર મહાન ગચ્છાધિપતિશ્રીનું નામ સુવર્ણાક્ષરે લખાશે. પૂજ્યશ્રી ૭૭ વર્ષની વયે, સં. ૨૦૪૪ના ભાદરવા વદ ૩૦ ને સોમવારે મુંબઈમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીના ભવ્યાત્માને કોટિ કોટિ વંદના !

(સંકલન : 'પ્રબુદ્ધ જીવન'માંના ડૉ. રમણલાલ ચી. શાહના લેખને આધારે)

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org